॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

રૂા. ૫-૦૦/-

પ્રકાશન દર માસની ૭ તારીખે ● સળંગ અંક ૪૭૫ ● ઓગષ્ટ - ૨૦૨૫




**ભુજ - કચ્છ શ્રી નરનારાયણદેવ તાબાનું શ્રી સ્વામિનારાયણ મંદિર, વિલ્સડન - યુ. કે. નો ૫૦ વરસનો સહજાનંદ સહાયતે સુવર્ણ જયંતી મહોત્સવ દિનાંક ૫ થી ૧૩ જુલાઇ ૨૦૨૫ દરમિયાન અનેકવિધ આયોજનો સાથે ધર્મકુળ અને ભુજ મંદિરના મહંત સ્વામી આદિ વડીલ યુવાન સંતો તથા દેશ વિદેશના હજારો હરિભક્તોની ઉપસ્થિતિમાં ધામધૂમથી ઉજવવામાં આવ્યો.**

● **સેવા પ્રવૃત્તિ :-** માનવ સેવા એ શ્રીસ્વામિનારાયણ મંદિર ભુજની આગવી પરંપરા રહી છે. સાઈકલ રેલી તથા રેલીના માધ્યમથી આશરે ૨૩૬૦૦૦ પાઉન્ડ જેટલી રકમથી સેવા પ્રકલ્પો ચલાવાયેલા. આ પ્રકલ્પના ભાગરૂપે જેમના હાથ-પગ નહોતા એવા લોકોને કૃત્રિમ હાથ-પગ આપવાની સેવા નારાયણ સેવા સંસ્થાના માધ્યમથી અપાયા હતા.લાયન્સ કલબ ભુજ સંચાલિત હોસ્પિટલમાં એક હોલનું નિર્માણ કરી આપવામાં આવ્યું છે. ● ભવિષ્યમાં ગરીબ-દુઃખી લોકોને નિવાસ સ્થાન બાંધી આપવામાં આવનાર છે. તેમજ - હાર્ટ તકલીફ ધરાવતા બાળકોને ફ્રી ઓપરેશન કરાવી આપવામાં આવશે. લાયન્સ ક્લબ ભુજની હોસ્પિટલમાં ભુજ મંદિર દ્વારા શ્રી નરનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ ઉપક્રમે ડાયાલિસિસ માટે હોલ બનાવી આપેલ છે જેમાં આર્થિક સહયોગ શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીની પુણ્ય સ્મૃતિમાં વિલ્સડન મંદિરના હરિભક્તો તરફથી મળેલ છે.


















॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

॥ यावज्जीवं च शुश्रूषा कार्या मातुः पितुर्गुरोः॥
॥ रोगार्तस्य मनुष्यस्य यथाशक्ति च मामकै ॥


પૂર્વ સામયિક 'શ્રી સ્વામિનારાયણ સંદેશ'
કુલ્લ વર્ષ-૧૮, કુલ્લ અંક-૨૦૪

હાલે 'શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ'
વર્ષ-૨૫ ● અંક-૬ ● ઓગષ્ટ - ૨૦૨૫
વર્ષ-૪૦ ● સળંગ અંક - ૪૭૫

પ.પૂ.ધ.ધૂ. ૧૦૦૮ આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદજી
મહારાજશ્રીના શુભાશીર્વાદથી

-:: સંસ્થાપક ::-
અ.નિ.સ.ગુ.પુ.મહંત સ્વામી શ્રી હરિસ્વરૂપદાસજી

-:: માલિક ::-
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ.

-:: પ્રકાશક અને મુદ્રક, પ્રસિદ્ધ ::-
સ.ગુ. મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજીએ
શ્રી સ્વામિનારાયણ મંદિર, ભુજ-કચ્છ વતી
શ્રી નરનારાયણદેવ પ્રિન્ટીંગ
પ્રેસમાં છપાવી ભુજ-કચ્છથી પ્રસિદ્ધ કર્યું

-:: તંત્રી ::-
શાસ્ત્રી સ્વામી ગોવિંદપ્રસાદદાસજી

-:: સહતંત્રી ::-
શાસ્ત્રી સ્વામી અક્ષરપ્રિયદાસજી
સ્વામી પુરુષોત્તમપ્રિયદાસજી



**પત્ર વ્યવહાર અને લવાજમ સ્વીકારવાનું સ્થળ**
શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ કાર્યાલય,
શ્રી સ્વામિનારાયણ મંદિર માર્ગ
શ્રી સ્વામિનારાયણ મંદિર તીર્થધામ
તીર્થધામ, ભુજ-કચ્છ. પીન : ૩૭૦ ૦૦૧
મો. ૭૫૬૭૬ ૦૪૦૦૦

E-mail : sandesh@swaminarayan.faith
E-mail : info@swaminarayan.faith
Website : www.swaminarayan.faith


"સહજાનંદ સહાયતે" સુવર્ણ જયંતી મહોત્સવ



ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ અને સત્સંગનો મહિમા ફેલાવતું સામયિક

# શ્રી સ્વામિનારાયણ ધર્મસંદેશ

## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૦૧. તંત્રીની કલમે... | ૦૪ |
| ૦૨. સહજાનંદ સહાયતે (વિશેષાંક અંક) | ૦૫ |
| સત્સંગ સમાચાર | |
| ૦૩ સેવાની યાદી | ૨૭ |


**લેખકોને ખાસ વિનંતી**

- આ સામયિકમાં પ્રકાશિત થતા લખાણની જવાબદારી લેખની છે.
- લેખો ફુલસ્કેપ સાઈઝના કાગળ ઉપર હાંસિયો રાખીને સુવાચ્ય અક્ષરમાં કાગળની એકબાજુ લખી મોકલવા.
- લેખ એક ફુલસ્કેપ પાનાથી વધુ લાંબો ન હોય તે જોવા વિનંતી.
- કૃતિનું લખાણ મુદ્દાસર અને ભાષાકીય ક્ષતિ રહિત હોવું જોઈએ.
- ગુજરાતી, સંસ્કૃત, હિન્દી તથા અંગ્રેજી ભાષામાં યોગ્ય લેખો સ્વીકારવામાં આવશે.
- કૃતિના સ્વીકાર – અસ્વીકારની સત્તા તંત્રીઓની છે. કૃતિ અનુકૂળતાએ પ્રગટ થશે.
- સમાચાર તા. ૨૦ સુધીમાં લખી મોકલવા.

- અંક દર માસે નિયત સમયે પ્રસિદ્ધ થશે.
- પત્ર વ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર અચૂક લખવો

-:: લવાજમ ::-
દેશમાં :- આજીવન સભ્ય રૂા. ૫૦૧/-
વાર્ષિક સભ્ય રૂા. ૫૧/-
વિદેશમાં :- આજીવન સભ્ય રૂા. ૬૦૦૧/-
વાર્ષિક સભ્ય રૂા.૧૦૦૧/-

# તંત્રીની કલમે...

આજથી ૯૦ કે ૧૦૦ વર્ષ પહેલા સંતોની પ્રેરણાથી અનેક કચ્છ નિવાસી શ્રીનરનારાયણદેવના આશ્રિત એવા હરિભક્તો આફ્રિકન દેશોમાં ગયા હતા. ૧૯૭૨ માં કંપાલામાંથી એશિયનોને હાંકી કઢાતા અનેક હરિભક્તો યુ.કે. લંડન આવીને સ્થિર થયા.

૧૯૭૩ માં ભુજ મંદિરના મહંત શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીની આજ્ઞા, સલાહ અને માર્ગદર્શન હેઠળ ત્યાં એક ચર્ચ ખરીદવામાં આવ્યું અને ભુજ મંદિરના મહંત સ્વામી દ્વારા મંદિરનું નામ અને બંધારણ પણ સાથે મોકલાવવામાં આવ્યું. આ રીતે આ મંદિર ભુજ-કચ્છ શ્રીનરનારાયણદેવ તાબાનું પ્રથમ મંદિર થયું.

૧૯૭૫ માં ભુજથી સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીએ મોકલાવેલ અને પ.પૂ. આચાર્ય શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજ દ્વારા લાવેલ શ્રીસહજાનંદ સ્વામીની મૂર્તિ હોલમાં પધરાવી હરિભક્તો સત્સંગ કરવાનો પ્રારંભ કરેલ.

૧૯૮૨ માં ભુજથી સદ્‌ગુરુ મહંત પુરાણી સ્વામી હરિસ્વરૂપદાસજી, સદ્‌ગુરુ સ્વામી મુરલીમનોહરદાસજી તેમજ સદ્‌ગુરુ પુરાણી સ્વામી ઘનશ્યામજીવનદાસજી આદિ સંતોની હાજરીમાં વર્તમાન મંદિરનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

શરૂઆતમાં દર અઠવાડિયે હરિભક્તો સાથે મળી એક દિવસ સત્સંગ કરતા. ધીરે ધીરે સત્સંગ વૃદ્ધિ પામતાં મંદિરનું નવનિર્માણ થયું અને આજથી ૩૭ વર્ષ પહેલાં વિદેશની ધરતી ઉપર ભુજ મંદિરના સંતો તથા અમદાવાદ દેશ પિઠાધિપતિ પ.પૂ.આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજના વરદ્‌હસ્તે શ્રીઘનશ્યામ મહારાજની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવી. સાથે બહેનો તથા પુરુષો એમ બંને વિભાગમાં ભગવદ્ સ્વરૂપોની પ્રતિષ્ઠા કરવામાં આવી. આ મંદિરની સ્થાપનાને ૫૦ વર્ષ પૂર્ણ થતાં ધામધૂમથી ઉત્સવ ઉજવવાનું નક્કી થયું.

ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજીની આજ્ઞાથી શ્રીઘનશ્યામ મહારાજનાં સુવર્ણ સિંહાસનનો સંકલ્પ પણ પૂર્ણ કરવામાં આવ્યો. મંદિરની સ્થાપનાને ૫૦ વર્ષ આચાર્યશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ દ્વારા ભુજથી આવેલા શ્રીસહજાનંદ સ્વામી મહારાજ અને શ્રીઘનશ્યામ મહારાજનાં સુવર્ણ સિંહાસન ઉદ્‌ઘાટનને નિમિત્ત બનાવી શ્રીસહજાનંદ સહાયતે સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું. આ મહોત્સવમાં અમદાવાદથી પૂ.મોટા મહારાજશ્રી પૂ.આચાર્ય મહારાજશ્રી, પૂ.લાલજી મહારાજશ્રી, ગાદીવાળાં તેમજ મોટા ગાદીવાળાં સહિત સમગ્ર ધર્મકુળ તેમજ ભુજ મંદિરના મહંત સ્વામી સહિત આઠેય મંડળના મંડળધારી સંતો તેમજ અમદાવાદ દેશના સંતો સહિત ૭૫ જેટલા સંતોની ઉપસ્થિતિમાં દેશ-વિદેશના હજારો હરિભક્તોની સાથે આ મહોત્સવ નવ દિવસ સુધી ધામધૂમથી હર્ષોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો.

આપના હાથમાં રહેલો આ મહિનાનો **'શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશ'** નો આ અંક આ મહોત્સવનું વિહંગાવલોકન કરાવવા તત્પર છે તો ચાલો.......શબ્દો રૂપે **'સહજાનંદ સહાયતે'** મહોત્સવની ઉજવણીમાં ડોકિયું કરીએ.....

# ઉત્સવની પૂર્વ તૈયારી

● **લોગો વિમોચન** :- દિનાંક ૧૯/૭/૨૦૨૪ ના રોજ મહોત્સવના લોગોનું વિમોચન કરવામાં આવ્યું હતું. દરેક મંદિરના ભક્તોએ ફગવા પદ ગાન તથા એક માળાનું નિયમ આ જ દિવસથી લીધું હતું.

● ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર તરફથી વિલ્સડન મંદિર સુવર્ણ જયંતી મહોત્સવની પૂર્વ તૈયારી માટે શા.સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, શા.સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, શા.સ્વામી ઘનશ્યામનંદનદાસજી, શા.સ્વામી આનંદવલ્લભદાસજી, શા.સ્વામી ભક્તિપ્રકાશદાસજી, પુરાણી સ્વામી સરયુદાસજી, પુરાણી સ્વામી દેવવિહારીદાસજી, શા.સ્વામી રામકૃષ્ણદાસજી, શાસ્ત્રી પાર્ષદ માવજી ભગત ગયા હતા. સર્વે સંતોએ પોતાનો સમગ્ર સમય પધરામણી માટે જ ફાળવીને હરિભક્તોને સાચું માર્ગદર્શન પુરું પાડ્યું.

● **પત્રિકા વિમોચન** :- સુવર્ણ જયંતી મહોત્સવની કલાત્મક પત્રિકા સૌ પ્રથમ વિલ્સડન મંદિરની કાર્યવાહક સમિતિ તથા ટ્રસ્ટીઓએ ભુજ તથા અમદાવાદ પધારીને પ.પૂ.મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી, પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્ય મહારાજ શ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ, મોટા મહારાજ શ્રીતેજેન્દ્રપ્રસાદજી મહારાજ અને ભાવિ આચાર્ય ૧૦૮ લાલજી મહારાજ શ્રીવ્રજેન્દ્રપ્રસાદજી મહારાજને અર્પણ કરી પત્રિકાનું વિમોચન તા.૬/૪/૨૦૨૫ ના રોજ શ્રીરામનવમીના પાવન દિને કરવામાં આવ્યું હતું.

● અમદાવાદ કાલુપુર સ્વામિનારાયણ મંદિરના તાબા હેઠળનાં યુ.કે. સ્થિત તમામ મંદિરોમાં તથા ભુજ સ્વામિનારાયણ મંદિરના તાબા હેઠળનાં મંદિરોમાં આમંત્રણ પત્રિકા આપવા હરિભક્તો વાજતે ગાજતે ગયા હતા.

● **વિજય ધ્વજારોહણ** :- દિનાંક.૨૨/૬/૨૦૨૫ યોગિની એકાદશીના રોજ સંપન્ન કરાયેલ 'વિજય ધ્વજારોહણ' ની સાથે જ મહોત્સવનો પ્રારંભ થઇ ગયો હતો. મહોત્સવ સ્થળે નિસ્ડન સ્ટુડિયો, શ્રીસહજાનંદ સભામંડપ સ્થાને મંગલ મુહૂર્તમાં વૈદિક મંત્રોચ્ચાર સાથે સંતો અને ઉપસ્થિત હરિભક્તોની હાજરીમાં ધ્વજારોહણ કરવામાં આવેલું હતું.









● **સહજાનંદ સહાયતે** મહોત્સવની પૂર્વ તૈયારી માટે લંડન પધારી માર્ગદર્શન પુરું પાડ્યું હતું
સ્વામી સરયુદાસજી, સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી, સ્વામી ઘનશ્યામનંદનદાસજી,
સ્વામી ભક્તિપ્રકાશદાસજી, સ્વામી પરબ્રહ્મજીવનદાસજી, સ્વામી આનંદવલ્લભદાસજી,
સ્વામી દેવવિહારીદાસજી, સ્વામી રામકૃષ્ણદાસજી, પાર્ષદ માવજી ભગત











ગુરુપૂર્ણિમાનું પાવન પર્વ હોવાથી સભામંડપમાં પૂ.મોટા મહારાજશ્રી, પૂ.લાલજી મહારાજશ્રી તથા પૂ.મહંત સ્વામીનું વિશેષ પૂજન કરવામાં આવ્યું. અને સંતોનું પણ ભાવથી પૂજન કરવામાં આવ્યું હતું.













# વિલ્સડન મંદિર સુવર્ણ જયંતી મહોત્સવ દૈનંદિની

## પ્રથમ દિવસ :- તા.૫/૭/૨૦૨૫, શનિવાર, અષાઢ સુદ-૧૦

- પૂ.મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ, ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી, સદ્‌ગુરુ કોઠારી પાર્ષદ જાદવજી ભગત આદિ સંતો તથા યજમાનોના વરદ્‌હસ્તે સવારના ૭થી૯ દરમિયાન પોથીપૂજન તથા સુવર્ણ સિંહાસનનું વૈદિક મંત્રોચ્ચારના ગાન સાથે ઉદ્‌ઘાટન તથા શ્રીઘનશ્યામ મહારાજની આરતી કરવામાં આવી.
- બપોરના ૧૨ વાગ્યે યુ.કે.ના દરેક મંદિરના પ્રતિનિધિઓ સાથે હજારો હરિભક્તોના સાથમાં ૩ કી.મી. લાંબી અને ૩ કલાક સુધી ચાલેલી બેન્ડ, લેઝીમ તથા રાસ-કીર્તન મંડળીના સથવારે શ્રીસહજાનંદ સ્વામીની શોભાયાત્રા સંપન્ન થઈ. પોથીયાત્રા તેમજ શોભાયાત્રાનાં દર્શન કરી હજારો ભક્તો તેમજ સ્થાનિક લોકો ધન્ય થયા હતા.
- બપોરના ૩-૩૦ કલાકે **'સહજાનંદ સહાયતે'** મહોત્સવનો શુભારંભ સંતો અને ટ્રસ્ટીઓના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો. પૂ.શા.સ્વામી રામકૃષ્ણદાસજીએ સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી રચિત શ્રીહરિસ્મૃતિની કથાનું શ્રવણપાન કરાવ્યું. ૫-૩૦ કલાકે કથા વિરામ પામી.

## ભવ્ય પોથીયાત્રા અને શોભાયાત્રા


















## બીજો દિવસ :- તા.૬/૭/૨૦૨૫, રવિવાર, અષાઢ સુદ-૧૧, દેવશયની એકાદશી

- સભામંડપમાં વક્તા શા.સ્વામી નારાયણમુનિદાજી તથા સંહિતાપાઠી સંતોના પૂજન બાદ કથાનો પ્રારંભ કરવામાં આવ્યો. આજે દેવશયની એકાદશી નિમિત્તે સવારમાં મંદિરમાં મહાપૂજાનું આયોજન કરવામાં આવેલું. સ્વામી રામકૃષ્ણદાસજીએ યુ.કે.નાં દરેક મંદિરોમાં મહાપૂજા કરાવેલી. તેમણે જ આ મહોત્સવ દરમિયાન ૫ દિવસ સુધી ભક્તોને મહાપૂજા કરાવેલી હતી.
- પૂ.ભાવિ આચાર્ય લાલજી મહારાજશ્રીએ બપોરપછીની સભામાં પધારીને આશીર્વાદ આપ્યા હતા.
- ૧૯૭૫ માં જે મૂર્તિ તત્કાલિન ભુજ મંદિરના મહંત સદ્‌ગુરુ શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી દ્વારા લંડન મોકલવામાં આવેલી, તે જ મૂર્તિ મોટા મહારાજશ્રી દ્વારા સભામાં લાવીને મુખ્ય સિંહાસન પર બિરાજમાન કરવામાં આવી. આજે બપોરના ભાગમાં બાળકોનો સ્ટેજ કાર્યક્રમ હતો. સવારની સભામાં નારાયણ-સરોવર મંદિર મૂર્તિ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવની પત્રિકાનું વિમોચન કરવામાં આવેલું હતું.











સુવર્ણ સિંહાસન તથા શ્રી ઘનશ્યામ મહારાજનાં આભૂષણો અર્પણ કરતા યજમાનશ્રીઓ



● આજે સવારના સત્રમાં વક્તા પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ ‘હરિસ્મૃતિ’ ગ્રંથ મધ્યે ‘જમતા જોયા છે’ એ સ્મૃતિની કથા સંભળાવી હતી.

● બપોર પછીની સભામાં શાસ્ત્રી સ્વામી શૌનકમુનિદાસજીએ શ્રીજીમહારાજ અત્યારે આપણા હાથે કેમ જમે એ બાબતનું વિસ્તૃત રૂપે નિરૂપણ કરીને સમજાવ્યું હતું.






























● **તા.૮/૭/૨૦૨૫ મંગળવાર અષાઢ સુદ-૧૩**

● આજની સવારની કથાના વક્તાપદે શા.સ્વામી કૃષ્ણજીવનદાસજીએ 'ભૂધર ભાળ્યા છે' એ સ્મૃતિમાં સમાવિષ્ટ શ્રીહરિની લીલાઓનું રોચક રસપાન કરાવ્યું હતું. ઉપરાંત મૂળી મંદિરના મહંત સ્વામી મનનીય પ્રવચન આપેલ.

● ભારતીય હાઈકમીશનના પ્રતિનિધિનું સન્માન કરવામાં આવેલું.

બપોરપછીના કથાસત્રમાં વક્તા સ્વામી મુરલીમનોહર દાસજીએ 'ભૂધર ભાળ્યા છે' સ્મૃતિની કથા અંગ્રેજીમાં રજૂ કરી હતી.

● **તા.૯/૭/૨૦૨૫ બુધવાર અષાઢ સુદ-૧૪**

આજની કથાના વક્તા હતા સ્વામી આનંદવલ્લભ દાસજી. 'દ્રગે દીઠા છે' સ્મૃતિનાં ચરિત્રોની તાદશ કથા થઈ.

● **તા.૧૦/૭/૨૦૨૫ ગુરુવાર અષાઢ સુદ-૧૫**

આજે શ્રીઘનશ્યામ મહારાજનો ૩૭ મો પાટોત્સવ તથા મંદિરનો ૫૦ મો પાટોત્સવ હતો. વહેલી સવારના ૫ વાગ્યે ઠાકોરજી સમક્ષ 'નમોવતારિણે સ્વામિનારાયણાય' મંત્રથી અનુષ્ઠાન કરવામાં આવેલું હતું.

૫-૪૫ કલાકે મંગળા આરતી બાદ સુવર્ણ સિંહાસનનાં દાતાશ્રીઓ તેમજ સહજાનંદ સહાયતે મહોત્સવના યજમાનશ્રીઓ સંતો સાથે શ્રીઠાકોરજીનું પૂજન કર્યું હતું.

૮-૧૫ કલાકે પૂજન સાથે પૂ.લાલજી મહારાજશ્રી તથા પૂ.મહંત સ્વામી દ્વારા શ્રીઘનશ્યામ મહારાજનો પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો હતો. મંડળધારી સંતોએ પણ અભિષેકનો લાભ લીધો હતો. મહાઅભિષેક બાદ ઠાકોરજીને ૫૬ ભોગ ધરાવવામાં આવ્યા હતા.

સવારે ૧૦ કલાકે ૫૦ મા વાર્ષિક પાટોત્સવ તથા શ્રીઘનશ્યામ મહારાજના ૩૭ મા પાટોત્સવની આરતી કરવામાં આવેલી હતી.

સહજાનંદ મંડપમાં પુરાણી સ્વામી શ્રીપ્રકાશદાસજીએ આજે 'જીવન જાણું છું' સ્મૃતિનું રસપાન કરાવ્યું હતું.

● આજના દિવસે ભુજ મંદિરના ઉપમહંત સદ્ગુરુ સ્વામી ભગવદ્જીવનદાસજીએ તમામ ભક્તોને શ્રીનરનારાયણદેવની છત્રછાયામાં કચ્છનો સત્સંગ સતત ફુલતો ફાલતો રહે એ માટે પરિવારના બાળકોમાં સંસ્કાર સિંચન થતું રહે એવું શાસ્ત્રીય વાંચન કરવા-કરાવવાની ભલામણ સહ રૂડા આશીર્વાદ આપ્યા હતા.

● **તા.૧૧/૭/૨૦૨૫ શુક્રવાર અષાઢ વદ-૧**

આજના વક્તા સ્વામી આનંદવલ્લભદાસજીએ છઠ્ઠી સ્મૃતિ 'સુખકારીજી'નું ગાન-વાંચન કરતાં કરતાં મહારાજનાં વિવિધ ચરિત્રોની કથાનું રસપાન કરાવ્યું હતું.

બપોરપછીના કથાસત્રમાં સ્વામી પરબ્રહ્મજીવન દાસજીએ કથામૃત પાયું હતું.

આજે બપોરપછી શ્રીસહજાનંદ સ્વામીની જે મૂર્તિ ભુજ મંદિરના શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીએ મોકલાવેલ તે મૂર્તિની લક્ષ્મીતુલા વિધિથી તુલા કરવામાં આવી હતી. હરિભક્તોનો આ મૂર્તિ પ્રત્યેનો હૃદયથી લગાવ હોવાથી સવા છ કિલો વજન થતો હોવા છતાં ૯ કિલો અને ૫૦૦ ગ્રામ જેટલા પાઉન્ડ તુલામાં આવ્યા હતા.

● **તા.૧૨/૭/૨૦૨૫ શનિવાર અષાઢ વદ-૨**

આજે સવારના કથાસત્રમાં સ્વામી ભક્તવત્સલ દાસજી તથા બપોરના કથાસત્રમાં શા.સ્વામી ગોલોકવિહારીદાસજીએ ભગવાનનાં ચરિત્રોની કથાનું રસપાન કરાવ્યું હતું.

● **તા.૧૩/૭/૨૦૨૫ રવિવાર અષાઢ વદ-૩**

સવારની કથામાં શા.સ્વામી ભક્તવત્સલદાસજીએ ભગવાનની કથાનું રસપાન કરાવ્યું હતું.

આજરોજ સુવર્ણ જયંતી મહોત્સવનો પૂર્ણાહુતિ દિવસ હોવાથી સંયોજકો, સમિતિ સંયોજકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. તેમજ બ્રિટીશ સરકારના પધારેલ માનનીય મંત્રીશ્રીનું રાજકીય રીતે સ્વાગત કરવામાં આવ્યું હતું.

પૂ.આચાર્ય મહારાજશ્રીએ કચ્છના સત્સંગને નજર ન લાગી જાય તેવા રૂડા આશીર્વાદ આપ્યા હતા.

પૂ.મોટા મહારાજશ્રીએ મહારાજની આજ્ઞાઓ પાળવાનું બળ મળતું રહે અને એવો ખટકો રહે એવા આશીર્વાદ પાઠવ્યા હતા.

● **૫૦ ફૂટનો હાર** :- વિલ્સડન મંદિરને ૫૦ વર્ષ પૂર્ણ થતાં હોવાથી બહેનો ભક્તો દ્વારા ૫૦ ફૂટનો ફૂલનો હાર ગૂંથીને શ્રીઠાકોરજી તથા શ્રીજીમહારાજનાં પ્રસાદીનાં ચરણારવિંદને પહેરાવ્યો હતો.

● યુ.કે.નાં ૮ મંદિરો તથા આઈ.એસ.એસ.ઓ.નાં મંદિરોમાં ૧૫૫૦ મહાપૂજા સંપન્ન કરવામાં આવી. અને ૧૨૦૦ જેટલા હરિભક્તોએ વિલ્સડન મંદિરમાં મહાપૂજામાં સહર્ષ જોડાઈને લાભ લીધો હતો.

● મહાપૂજાની શરૂઆત ગુડફ્રાઈડેના દિવસે વિલ્સડન મંદિરેથી કરવામાં આવી. ઉપરાંત જૂન માસના ત્રીજા અઠવાડિયે મંદિરમાં વિશિષ્ટ બાલ મહાપૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉત્સવ દરમિયાન ચાર સત્રમાં યોજાયેલ મહાપૂજામાં કુલ્લ ૧૭૫૦ ભક્તોએ ઉમંગભેર લાભ લીધો હતો. આમ કુલ્લ આશરે ૩૦૦૦ હજાર જેટલા ભક્તોએ યુ.કે.માં મહાપૂજામાં પ્રત્યક્ષપણે ભાગ લઈને શ્રીહરિને પ્રસન્ન કર્યા હતા.

● **ઉત્સવ પૂર્વે વિશેષ નિયમ :-** ઉત્સવ પૂર્વે ૨૦૨૪ ના ગુરુપૂર્ણિમા ઉત્સવથી શરૂ કરીને ૨૦૨૫ ના ગુરુપૂર્ણિમા ઉત્સવ (૧૨ મહિના) સુધી. ● દરરોજ ૧ વખત ફગવા ગાન, દરરોજ ૧ માળા, ૧૭૦ યુવકો-યુવતીઓ દ્વારા ૧૦૮ વખત મંત્ર અનુષ્ઠાન કરવામાં આવ્યું હતું. ● દર માસે એક (૧) રવિવારના દિવસે મંદિરે ભેગા મળીને સમૂહમાં સામૂહિક મંત્ર અનુષ્ઠાન કરાયું હતું. ● ૧૨ મહિનાની ૨૪ એકાદશીઓના દિવસે મંદિરે મહાપૂજા કરવામાં આવી હતી.

● મહિલાઓ-યુવતીઓના સામૂહિક ભજનના કાર્યક્રમો ફેબ્રુઆરી-૨૦૨૪ તથા મે-૨૦૨૫માં મહાધૂન સહિત યોજવામાં આવ્યા હતા. ● ઉત્સવ અંતર્ગત ૬ સપ્તાહના સમયગાળામાં કુલ્લ ૨૨૧ ઘર-વ્યાવસાયિક ઓફિસોમાં સંતો ઠાકોરજીની પધરામણી સાથે દર્શન આશીર્વાદનો લાભ આપવા પધાર્યા હતા. ● આ મહોત્સવમાં ભુજ મંદિરના ૬૦ સંતો તથા અમદાવાદ, મૂળી અને છપૈયાના ૧૨ સંતો ઉત્સવમાં પધાર્યા હતા.

## બહેનોએ ફૂલોત્સવ-ફળફૂટોત્સવ તૈયાર કર્યા હતા જેની ધામધૂમથી ઉજવણી કરવામાં આવેલી






## ૬૦૦ બાળકોને સમાવિષ્ટ કરી શકે તેવડો બાળ વિભાગ

જેમાં કથા દરમિયાન યુવાનો યુવતીઓ અવનવી રમતો સાથે બાળકો બાલિકાઓને સત્સંગ પીરસ્યો હતો અને ગેમ્સ વગેરે રમાડી મનોરંજન પુરુ પાડ્યું હતું











## પ.પૂ. મોટા મહારાજશ્રી, પ.પૂ. લાલજી મહારાજ, પ.પૂ.સદ્. મહંત સ્વામીનું સભામાં આગમન







શ્રીસહજાનંદ સ્વામીની જે મૂર્તિ ભુજ મંદિરના શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજીએ મોકલાવેલ તે મૂર્તિની લક્ષ્મીતુલા વિધિથી તુલા કરવામાં આવી હતી. હરિભકતોનો આ મૂર્તિ પ્રત્યેનો હ્રદયથી લગાવ હોવાથી સવા છ કિલોના વજન થતો હોવા છતાં ૯ કિલો અને ૫૦૦ ગ્રામ જેટલા પાઉન્ડ તુલામાં આવ્યા હતા.








## શ્રી સહજાનંદ સહાયતે મહોત્સવનું દિપ પ્રાગટ્ય કરતા પૂ.સદ્.સંતો તેમજ મંદિરના ટ્રસ્ટીઓ








● આજનો મહોત્સવ કૃપા મહોત્સવ હોવાથી પૂ.મોટા મહારાજશ્રીએ વિલ્સડન મંદિરમાં ચરણારવિંદની જોડ અર્પણ કરવાની કૃપા કરી હોવાથી ધામધૂમથી આ ચરણારવિંદ વિલ્સડન મંદિરને અર્પણ કરવામાં આવનાર હોવાથી આ સાથે ૩૦ ભુજ મંદિરના સંતો તથા ૨૦ હરિભક્તોના પણ બધા જ સાથે ચરણારવિંદ વાજતે ગાજતે સભામંડપમાં લાવવામાં આવ્યાં તથા યથોચિત સ્થાને જનમંગલનામાવલિ પઠન સાથે પૂજન કરવામાં આવ્યું. ઉપરાંત આચાર્ય મહારાજશ્રી જે શાલીગ્રામ સ્વરૂપની પૂજા કરે છે એમનું પણ પૂજન કરીને જળ ધરાવ્યા બાદ સંતો-ભક્તોની સભામાં પ્રોક્ષણ કરવામાં આવ્યું હતું. અને પૂ.મોટા મહારાજશ્રી, પૂ.આચાર્ય મહારાજશ્રી મંદિરના કાર્યકર્તાઓને ચરણારવિંદની જોડ અર્પણ કરી હતી.



















- શ્રીઘનશ્યામ મહારાજનો ૩૭ મો પાટોત્સવ તથા મંદિરનો ૫૦ મો પાટોત્સવ હતો. વહેલી સવારના ૫ વાગ્યે ઠાકોરજી સમક્ષ 'નમોવતારિણે સ્વામિનારાયણાય' મંત્રથી અનુષ્ઠાન કરવામાં આવેલું હતું.
- ૫-૪૫ કલાકે મંગળા આરતી બાદ સુવર્ણ સિંહાસનના દાતાશ્રીઓ તેમજ સહજાનંદ સહાયતે મહોત્સવના યજમાનશ્રીઓ સંતો સાથે શ્રીઠાકોરજીનું પૂજન કર્યું હતું.
- ૮-૧૫ કલાકે પૂજન સાથે પૂ.લાલજી મહારાજશ્રી તથા પૂ.મહંત સ્વામી દ્વારા શ્રીઘનશ્યામ મહારાજનો પંચામૃતથી અભિષેક કરવામાં આવ્યો હતો. મંડળધારી સંતોએ પણ અભિષેકનો લાભ લીધો હતો. મહાઅભિષેક બાદ ઠાકોરજીને ૫૬ ભોગ ધરાવવામાં આવ્યા હતા. ● સવારે ૧૦ કલાકે ૫૦ મા વાર્ષિક પાટોત્સવ તથા શ્રીઘનશ્યામ મહારાજના ૩૭ મા પાટોત્સવની આરતી કરવામાં આવેલી હતી.

## પંચામૃત અભિષેક





## ભવ્ય અન્નકૂટ દર્શન





શ્રી સીતા-રામ, શ્રી શિવ-પાર્વતી, સૂર્યનારાયણદેવની સ્થાપના



# ભવ્ય અન્નકૂટ દર્શન





## 'સહજાનંદ સહાયતે' મહોત્સવના વક્તાપદે બિરાજી વિદ્વાન સંતોએ હરિસ્મૃતિની કથા સંભળાવી હતી


સ્વામી નારાયણમુનિદાસજી


સ્વામી શ્રીપ્રકાશદાસજી


સ્વામી કૃષ્ણજીવનદાસજી


સ્વામી ગોલોકવિહારીદાસજી


સ્વામી ભક્તવત્સલદાસજી


સ્વામી પરબ્રહ્મજીવનદાસજી


સ્વામી શૌનકમુનિદાસજી


સ્વામી રામકૃષ્ણદાસજી


સ્વામી આનંદવલ્લભદાસજી


સ્વામી મુરલીમનોહરદાસજી

## ધાર્મિક, સામાજીક, રાજકીય મહેમાનોનો આવકાર














## શ્રી સહજાનંદ સહાયતે મહોત્સવમાં ભક્તોને ધર્મકુળ અને સંતોના આશીર્વાદ મળ્યા

● સમગ્ર કચ્છમાં વસતા, કચ્છથી વિદેશ જઇ અને ત્યાં સ્થિર થયેલા શ્રીનરનારાયણદેવના અતિ લાડીલા સમસ્ત હરિભક્તો પર છેલ્લા ૯૦ થી ૧૦૦ વર્ષના સમયથી કૃપા આશીર્વાદ હરદમ વરસતા રહ્યા છે. વિલ્સડન મંદિરના સુવર્ણ જયંતી મહોત્સવ દરમિયાન દરેક કાર્યક્રમમાં આ આશીર્વાદ ધારાની અનુભૂતિ દરેકને થઇ.



● **પૂ. મોટા મહારાજશ્રી તેજેન્દ્રપ્રસાદજી મહારાજ :-** (જેમની ઉપસ્થિતિ એ જ આશીર્વાદ છે.) ‘‘આ સુવર્ણ જયંતી મહોત્સવ પ્રસંગે કાંઇપણ કહેવા માટે શબ્દો ઓછા પડે તેમ છે. હરિભક્તો સાથે ભાવિકો પણ સેવા કરવા આવેલા છે. તેમના કલ્યાણની જવાબદારી અમે લઇએ છીએ. સૌ એ મહારાજની આજ્ઞા પાળવાનું બળ રાખવું. સત્સંગ રાખવાનો ખટકો રાખવો. સૌ પર શ્રીનરનારાયણદેવનો રાજીપો અવિરતપણે વરસતો રહે....’’



● **પ.પૂ. આચાર્ય મહારાજશ્રી કૌશલેન્દ્રપ્રસાદજી મહારાજ :-** ‘‘આપણો આ કચ્છનો સત્સંગ શ્રીનરનારાયણદેવનો પરિવાર છે. આપણા પરિવારને કોઈની નજર ન લાગી જાય. આ મંદિર બન્યું એને ૫૦ વર્ષ થયાં. પણ મંદિર બન્યા પહેલાં પણ હરિભક્તોએ યુ.કે.માં વસવાટ કરીને સત્સંગ ભજન કર્યા હશે. એટલે આ સત્સંગ-ભજનના પ્રતાપે મહારાજ અહીં પધાર્યા છે. હવે આવતી મુશ્કેલીઓથી ડરવાનું નથી. આવતા પડકારોને ઝીલવાના છે અને ભવિષ્યનું ઘડતર કરવાનું છે...’’



● **પૂજ્ય લાલજી મહારાજ શ્રી :-** વિલ્સડન મંદિરના સૌ હરિભક્તોનો ખૂબ ખૂબ આભાર કે વિદેશની ધરતી ઉપર આટલો મોટો ઉત્સવ આપણે કર્યો છે અને એમાં એ ખાસ કરીને આજે ઉત્સવ છે એ ૫૦ વર્ષનો છે. ૫૦ વર્ષ જ્યારે આજે વિલ્સડન મંદિરને પૂરાં થાય છે ત્યારે દરેક હરિભક્તો માટે તેમજ સમસ્ત અમદાવાદ દેશના હરિભક્તો માટે આ બહુ ગૌરવાન્વિત થવાની વસ્તુ છે કે આપણે વિદેશમાં આવું મોટું મંદિર અને આટલો મોટો સત્સંગ સમુદાય એને ખાલી જાળવી નથી રાખ્યો પણ દિવસે ને દિવસે એને વધાર્યો છે આ મહોત્સવમાં નાની મોટી સેવા કરનાર સૌ હરિભક્તોને ખૂબ અભિનંદન.



● **પ.પૂ. મહંત સદ્‌ગુરુ પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી :-** ‘‘સર્વ એ મહારાજને અંતર્યામી જાણીને ધર્મ-નિયમમાં રહી અને સત્સંગ કરવો. ભગવાન સ્વામિનારાયણની મૂર્તિ આ મંદિરમાં પધારી અને મંદિર થયું. આ મહોત્સવનાં દર્શન કરતાં અમોને અતિ આનંદ થયો છે. અમને એ બાબતનો આનંદ પણ છે કે આવો ઉત્સવ મંદિર બહાર સમગ્ર યુ.કે.માં થયો નથી.’’પૂજ્ય સ્વામીએ ઉપસ્થિત યુકેના દરેક મંદિરોના ટ્રસ્ટીઓ તથા કાર્યકર્તાઓને ભલામણ કરતા જણાવ્યું હતું કે કચ્છના દરેક મંદિરો દેવ નીચે થવા જોઇએ.



● **પ.પૂ. ઉપમહંત સદ્‌ગુરુ સ્વામી ભગવદ્‌જીવનદાસજી :-** ‘‘કચ્છના સત્સંગની મહાનતા, પૂ.શાસ્ત્રી સ્વામી ધર્મજીવનદાસજી તથા બળિયા દેવ શ્રીનરનારાયણ ભગવાન મળ્યા એટલે જ અહીંની ભોગ ભૂમિમાં રહીને યુવાનો-યુવતીઓ, બાળકો અને બાલિકાઓ આ મહોત્સવમાં સેવા કરી રહ્યા છે. પાપથી ડરીને ચાલે છે. આ પ્રતાપ આપણા મહારાજનો છે. આપણા ઘર-પરિવારના સભ્યોમાં આવા સંસ્કારો જાળવી રાખવા. શિક્ષાપત્રી જેવાં સનાતન ધર્મ શાસ્ત્રોનું વાંચન કરવું તથા કરાવવું. એ બાબતનું કાયમને માટે અનુસંધાન રાખવું કે કચ્છનો સત્સંગ એક તાંતણે બંધાયેલો છે અને શ્રીનરનારાયણદેવની છત્રછાયામાં રહેલો



● **પૂ. જાદવજી ભગત :-** ભૂકંપ પહેલાં અને ભૂકંપ બાદ આ વિલ્સડન મંદિરના હરિભક્તોએ ભુજ મંદિરને ખૂબ જ આર્થિક સહયોગ કરેલો છે. ભૂકંપ પહેલાં ભુજ બોર્ડીંગનું નૂતનીકરણ તથા ભૂકંપ પછી સંસ્કાર નગરમાં બોર્ડીંગ તેમજ શાળાનું બાંધકામ આ મંદિરના હરિભક્તોના સહયોગથી થયેલ છે. અને હાલમાં પણ મહંત સ્વામીના સંકલ્પને આ મંદિરના હરિભક્તોએ વધાવ્યો છે.





**સભા સંચાલક સંતો**



સ્વામી શુકદેવસ્વરૂપદાસજી



સ્વામી કૃષ્ણસ્વરૂપદાસજી



સ્વામી દેવવિહારીદાસજી.

● **ઉત્સવ દરમિયાન સંહિતાપાઠ :- 'સહજાનંદ સહાયતે'** મહોત્સવમાં સંહિતાપાઠમાં ૧૧ સંતોએ બેસીને **'હરિસ્મૃતિ'** તથા **'સર્વમંગલસ્તોત્ર'**ની મૌન પારાયણ કરી હતી. આ સંહિતાપાઠી સંતોએ હરિસ્મૃતિના ૨૦૦ પાઠ અને સર્વમંગલસ્તોત્રના ૨૦૦ પાઠ કર્યા અને મહોત્સવના અંતિમ દિવસે આ બધા જ પાઠ શ્રીઠાકોરજીના ચરણોમાં અર્પિત કરીને સંહિતાપાઠની પૂર્ણાહુતિ કરી હતી.













## પ.પૂ.મહંત પુરાણી સ્વામી ધર્મનંદનદાસજી સંતોને હેતથી જમાડવાની સેવા કરતા











● સમગ્ર સુવર્ણ મહોત્સવના નવે નવ દિવસો દરમિયાન સવાર, બપોર અને સાંજ મહાપ્રસાદ પીરસવામાં આવ્યો હતો. લગભગ ૯૦૦૦૦ જેટલા ભક્તોએ પ્રસાદ લીધો હતો. આ પ્રસાદ બનાવવાની સેવામાં વિલ્સડન, કેન્ટન-હેરો તથા અન્ય મંદિરોના હરિભક્તો-બહેનો-પુરુષો જોડાયા હતા.












## -:- મહોત્સવ અંતર્ગત સ્થાનીય વ્યવસ્થા -:-

● સભામંડપ વિસ્તારમાં મુખ્ય સહજાનંદ સભામંડપમાં રાત્રીય કાર્યક્રમ રંગમંચ, બાળકો માટે બાળ વિભાગ. ● મુખ્ય સભામંડપમાં બે હજાર ભક્તો બેસી શકે તેવી બેઠક વ્યવસ્થા. ● ભક્તો માટે વિશાળ ભોજનાલય-૮૦૦ ટેબલ-ખુરશી. ● વિશિષ્ટ ભક્તો માટે અલાયદુ ભોજનાલય. ● પાકગૃહ-પાકશાળા. ● ૬ ગાડીઓ માટેની પાર્કિંગ વ્યવસ્થા. ● ૬૦૦ બાળકોને સમાવિષ્ટ કરી શકે તેવડો બાળ વિભાગ. ● આ બધી જ વ્યવસ્થા માત્ર ૨ અઠવાડિયાના ટૂંકા સમયગાળામાં ઊભી કરવામાં આવી હતી. જેનો શ્રેય વિલ્સડન મંદિરના યુવાનો તથા વડીલો, બહેનોના ફાળે જાય છે. ઉત્સવ બાદ સંકેલવાની સેવા પણ અડધા દિવસમાં જ પૂર્ણ કરવામાં આવી હતી.

- ઉત્સવ પૂર્વે એક વર્ષ સુધી (ગુરુપૂર્ણિમા ૨૦૨૪ થી ગુરુપૂર્ણિમા ૨૦૨૫) હરિભક્તોએ શ્રીહરિ તથા શ્રીનરનારાયણદેવની પ્રસન્નતાર્થે ફગવા, માળા, ૧૦૮ મંત્ર અનુષ્ઠાન, એકાદશીના દિવસે મહાપૂજા તથા સામૂહિક મહાપૂજા, મહાધૂન વિગેરે નિયમો લીધેલાં હતાં.
- મહોત્સવ દરમિયાન રાત્રી કાર્યક્રમોમાં શ્રીસ્વામિનારાયણ મંદિર વિલ્સડનના યુવક તથા યુવતીઓ દ્વારા ઉપદેશાત્મક રૂપકો, યુવક મંડળના યુવાનો તથા સંતો દ્વારા ભજન સંધ્યા, મેજીકલ બોન્સ જાદુગર દ્વારા જાદુગરના કાર્યક્રમ, અનિરૂદ્ધ આહિર દ્વારા લોક ડાયરો તેમજ કચ્છની પરંપરા મુજબ મહારાસોત્સવના કાર્યક્રમો સુંદર રીતે આયોજીત કરીને સંપન્ન કરવામાં આવેલા હતા.
- મહોત્સવ અંતર્ગત ૫૦૦ થી વધારે યજમાનો સુવર્ણ સિંહાસન તથા સહજાનંદ સહાયતે મહોત્સવના યજમાનપદે રહ્યા હતા.
- સર્વે યજમાનોને ઉચિત પહેરામણી કરીને નવાજવામાં આવ્યા હતા. સંતોને પૂજન સાથે પહેરામણી કરવામાં આવી હતી.

## વિલ્સડન મંદિર ૫૦ વર્ષીય મહોત્સવ - વિહંગાવલોકન

- યુ.કે. સ્થિત ભુજ શ્રીનરનારાયણદેવ તાબાના શ્રીસ્વામિનારાયણ મંદિર-વિલ્સડનનો સુવર્ણ મહોત્સવ તા.૫ જુલાઈ ૨૦૨૫ થી તા.૧૩ જુલાઈ ૨૦૨૫ ભવ્યાતિભવ્ય રીતે અનેક કાર્યક્રમોના માધ્યમથી ઉજવવામાં આવ્યો.
- આ ઉત્સવમાં સમસ્ત ધર્મકૂળ દર્શન આપવા પધારેલું.
- ઉપરાંત ભુજ તથા અમદાવાદથી ૬૫ સંતોએ દર્શન, પ્રવચન તથા આશીર્વાદ આપી મહોત્સવને દિવ્યતા અર્પી.
- યુ.કે.ના પ્રધાનમંત્રી શ્રીકોરિ સ્ટારમર તથા આપણાં ભારત દેશના માનનીય પ્રધાનમંત્રી શ્રીનરેન્દ્રભાઈ મોદીએ શુભેચ્છા સંદેશ પાઠવ્યા.
- ભુજ શ્રીસ્વામિનારાયણ મંદિર તાબાના તમામ યુ.કે.માં આવેલા મંદિરો, ઉપરાંત નૈરોબી-લંગાટા, પૂર્વ આફ્રિકા, મોમ્બાસા, સિડની, પર્થ, મેલ્બોર્ન, એડીલેડ, ન્યુઝીલેન્ડ, કંપાલા, એલ્ડોરેટ, દાર-એ-સલામ, ઝાંઝીબાર, બોસ્ટન, લોસ એન્જલસ, ન્યુયોર્ક, સ્વીડન, હ્યુસ્ટન, ટેકસાસ, યુગાન્ડા, શીશલ્સ, મુંબઈ વિગેરે સ્થાનો પરથી અસંખ્ય હરિભક્તો આ મહોત્સવનો લાભ લેવા પધાર્યા હતા.
- તદુપરાંત યુ.કે.સ્થિત રાજકીય મહાનુભાવો, ધાર્મિક સંસ્થાઓ તથા સ્વયંસેવી સંસ્થાઓના પ્રતિનિધિઓ મહોત્સવના આમંત્રમને માન આપીને પધાર્યા હતા.

## શ્રીસ્વામિનારાયણ ધર્મસંદેશને મળેલ ભેટની યાદી

૨૦૧- કરસનભાઈ ઝીણાભાઈ જેસાણી ધ.પ.અ.નિ.રતનબાઈ, સુત ભીમજીભાઈ ધ.પ.ધનબાઈ સપરિવાર શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - બળદિયા

૨૫૧- નિતીન હીરજી વરસાણી, હ હીરજી કરસન વરસાણી શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર-રાવરી હાલે- યુ.એસ.એ. (અમેરિકા)

૨૫૦ - પુજારી ભરતભાઈના પુત્ર કિશનના જન્મદિવસ નિમિત્તે (જેઠ વદ-અમાસ, તા.૧૧/૭/૯૧) પ્રસાદી મંદિર માધાપર - જુનાવાસ

૫૦૦- રાઘે બાબુ કેરાસીયા જ્ઞાન સાધનાની G.E.T. પરીક્ષામાં પાસ થયા શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - હિરાપર

૫૦૦- મુકુંદ રમેશ પિંડોરીયા નવી બાઈક લીધી તે નિમિત્તે શ્રીનરનારાયણદેવની પ્રસન્તાર્થે - નારાણપર ઉપલોવાસ

# સાંસ્કૃતિક રાત્રિય કાર્યક્રમ

શ્રીઅનિરૂદ્ધ આહિરે સાંસ્કૃતિક કાર્યક્રમમાં લંડન નિવાસી ભક્તોને ભાવવિભોર બનાવી દીધા હતા.









વિલ્સડનલેન-લંડનના યુવાનોએ ‘જય હનુમાન જ્ઞાન...’ વિષય ઉપર આબેહૂબ કાર્યક્રમ રજૂ કર્યો હતો.






# સાંસ્કૃતિક રાત્રિય કાર્યક્રમ














રાત્રી કાર્યક્રમમાં કચ્છ સત્સંગની પરંપરા અનુસાર **મહારાસોત્સવ** યોજવામાં આવ્યો હતો. સંતો અને હરિભક્તો સાંસ્કૃતિક કાર્યક્રમ માટેના હોલમાં રાસ રમ્યા હતા, જ્યારે બહેનો મુખ્ય હોલમાં રાસ રમ્યાં હતાં.












# શુભેચ્છાઓ

● **યુ.કે.ના વડાપ્રધાનશ્રી :-** પાંચ દાયકા પહેલાં પૂર્વ આફ્રિકાથી ભક્તિ, પરિશ્રમની એકતા તથા દૂરદર્શી દષ્ટિકોણનું સ્વરૂપ એટલે વિલ્સડન મંદિર અને આ ત્રણેયના સમન્વયની ઉજવણી એટલે 'વિલ્સડન મંદિરનો સુવર્ણ જયંતી મહોત્સવ' પ્રત્યક્ષ અને પરોક્ષપણે અમારા દેશની સાંસ્કૃતિક વિરાસતને સમૃદ્ધ બનાવવા બદલ આ ઉત્સવમાં જોડાયેલા તમામ સ્વયંસેવકો, સંતો અને વિશાળ હિન્દુ સમાજના સભ્યોનો ખૂબ ખૂબ આભાર.......

● **આપણા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી :-** ભારતના લોકો અને યુ.કે.ના લોકોના જોડાણને શક્તિશાળી બનાવવા તરફ લઈ જતા 'વિલ્સડન સ્વામિનારાયણ મંદિરના સુવર્ણ જયંતી મહોત્સવને અભિનંદન તથા શુભેચ્છાઓ.'

ભગવાન સ્વામિનારાયણ દ્વારા શાંતિ, અહિંસા, આધ્યાત્મિક અનુશાસન, નિર્મળતા તથા નિઃસ્વાર્થ સેવાના સ્થાપિત મુલ્યોને વિદેશની ભૂમિ પર આગળ ધપાવવા માટેનો આ ઉત્સવ છે. સંસ્થા ભારતના સાંસ્કૃતિક વારસાને અને નૈતિક સિદ્ધાંતોને જાળવી રાખવા તથા આગળ ધપાવતાં રહેવાના કાર્યને વરેલી છે.



10 DOWNING STREET
LONDON SW1A 2AA

THE PRIME MINISTER

I send my warmest wishes as you celebrate Willesden Temple's 50th anniversary — a remarkable milestone for one of the first purpose-built Hindu temples in the UK.

This jubilee is not just a celebration of a building, but of the vision, devotion, and unity of the hard-working families from India and East Africa who came together five decades ago. Their efforts helped not only to establish Willesden Temple, but also supported the creation of other mandirs across the UK and abroad. It stands today as a beacon of community, devotion, and spiritual service.

This anniversary has been underpinned by the efforts of over a thousand volunteers and has drawn visitors from across the world, including representatives of all faiths — a true reflection of the values of openness, unity, and seva that define this community.

May I extend a special welcome to His Holiness Koshlendraprasadji Maharaj, who has travelled from Ahmedabad for this occasion. His presence is a profound honour.

I also commend the elders of your community — whose decades of quiet sacrifice have inspired the growth of faith and values in the UK — and the newer generations, who continue this proud tradition and are now excelling in every walk of life, contributing to our country in myriad ways.

It is deeply moving to see the extraordinary spirit of seva — the selfless volunteering that defines this celebration. Almost everything here has been built and run with love, not just money — a powerful testament to the strength and soul of this community.

Thank you to all the volunteers, saints, and members of the wider Hindu community whose contribution enriches our country in ways both visible and invisible.

Keir Starmer

13 July 2025



सत्यमेव जयते

प्रधान मंत्री
Prime Minister

MESSAGE

It is heartening to learn about the Golden Jubilee celebration of Shree Swaminarayan Mandir, Willesden, London. Heartiest congratulations and greetings to everyone associated with the festivities.

Temples have been the nerve centre of socio-cultural traditions. They have also been rich repositories of knowledge, literature, art and architecture.

Bhagwan Swaminarayan encouraged people to inculcate timeless values of peace, non-violence, spiritual discipline, purity, and selfless service.

The Swaminarayan Mandir's initiative to carry these meaningful traditions all the way to the United Kingdom and other parts of the world is laudable. It also speaks volumes about the sense of pride the Indian diaspora feels for its cultural roots.

The organisation remains deeply committed to preserving and promoting India's rich cultural heritage and ethical principles by consistently organising religious discourses, spiritual gatherings, and traditional cultural events. These initiatives serve not only to strengthen individual moral character, but also to foster a collective sense of identity and continuity within the community.

The celebrations will further strengthen connections, not only within the Indian community, but also between the people of India and the United Kingdom. May this occasion inspire humanity to tread the path shown by Bhagwan Swaminarayan.

Best wishes for making the Golden Jubilee of Shree Swaminarayan Mandir, Willesden, a huge success.

(Narendra Modi)

New Delhi
आषाढ 19, शक संवत् 1947
July 10, 2025

● શ્રીઘનશ્યામ મહારાજના સુવર્ણ સિંહાસનમાં વપરાયેલ ૨૭ કિલો સુવર્ણ તથા ૧૬૦ કિલો ચાંદીની વિગત ટ્રસ્ટીશ્રી કુંવરજીભાઇ વેકરીયાએ સમગ્ર સભાજનોને આપી હતી.

● મંદિરના મંત્રીશ્રી પ.ભ. વિશ્રામભાઈ ભુડિયાએ સમગ્ર મહોત્સવમાં જે હરિભક્તો તન-મન-ધનથી સહયોગી થયા એ દરેકનો તેમજ ધર્મકુળ, ભુજ મંદિરના પૂ.સંતો, તેમજ દેશ-વિદેશથી પધારેલા હરિભક્તો , સ્થાનિક પોલીસ તંત્ર, તેમજ સફાઇ કર્મચારી વિગેરેનો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.



Shree Swaminarayan Dharmasandesh
RNI No. : GUJ/GUJ/2001/5643 Postal Regd. No. GKCH-158/2024-2026
POSTED EVERY MONTH ON 5TH AT BHUJ/STG OFFICE WPP Lic No. G-PMG-RJT/011/2025/UPTO 31-12-2025

દેવશયની એકાદશી નિમિત્તે સવારમાં મંદિરમાં મહાપૂજાનું આયોજન કરવામાં આવેલું. સ્વામી રામકૃષ્ણદાસજીએ યુ.કે.નાં દરેક મંદિરોમાં મહાપૂજા કરાવેલી. તેમજ આ મહોત્સવ દરમિયાન ૫ દિવસ સુધી ભક્તોને મહાપૂજા કરાવેલી હતી.

# મહાપૂજા













